C.C.CNO.2812.23

**ફોજદારી કેસ નંબર ૨૮૧૨/૨૦૨૩**

આંક: ૧ લગત હુકમ.

**હુકમ:-**

૧.. ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી જાહેરમાં વગર પાસ પરમીટે દારુનો નશો કરી, કેફી પીણું પીધેલ હાલતમાં બકવાસ કરતા મળી આવેલા. જેથી ફરિયાદીએ આરોપી વિરુધ્ધ સરકાર તરફે ફરિયાદ આપતાં,બોટાદ પોલીસ સ્ટેશન ગુનો રજીસ્ટરે લઇ, તપાસ કરનાર અમલદારે આરોપી ને અટક કરી, તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ-૬૬(૧)(બી) મુજબનાં ગુનાં સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨.. ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રુબરુ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળો ની નકલ વિનાં મુલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કુબલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનાં ગુનાંનો એકરાર કરેલ છે. અને ત્યાર બાદ આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાંનો એકરાર કરેલ છે. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનેલ છે. ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઇસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

૩.. આમ, આરોપીની સ્વૈચ્છિક ગુનાં કબુલાત, આરોપીની રજુઆત, ગુનાંનું સ્વરુપ, કેસનાં સંજોગો તથા આરોપીની વય વિગેરે લક્ષમાં લેતાં, તેમજ સજાની જોગવાઇ ધ્યાને લેતાં, ગુજરાત પ્રો.એકટની કલમ-૬૬ (૧) (બી) ની સજાની જોગવાઇ જોતા તેમા ૬ માસ સુધી લંબાવી શકાય તેવી કેદની તથા રુ.૧૦૦૦/- સુધીના દંડની સજાની જોગવાઇ છે. હાલના કેસમાં સંજોગો જોતાં, કાયદામાં જેટલી સજાની જોગવાઇ કરવામાં આવેલ હોય, તેના કરતાં ઓછી સજાની જોગવાઇ કરવા અંગે નામ.ગુજરાત હાઇકોર્ટનો ડીવીઝન બેન્ચ નો ચુકાદો નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજ્ય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ ના સિધ્ધાંતમા પ્રસ્થાપીત કરેલ છે કે જ્યારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાનં.(૧) રમેશ ભીખાલાલ સોની વી.ગુજરાત રાજ્ય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪ તેમજ (૨) રાજેશકુમાર રતનલાલ સીધી ૨૦૧૫ (૩૮) જી.એચ.જે.પાન નં.૩૫૪ ના ચુકાદાઓમાં પણ જણાવેલ કે જ્યારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી

શકાય, જેથી હાલના કેસમાં આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીનો પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જણવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>હુકમ</u>**

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) ગુનાં અંગે તકસીરવાન ઠરાવી,રુ.૩૦૦/– (અંકે રુપિયા ત્રણસો) પુરા દંડ તથા કોર્ટ ઉઠતા સમય સુધીની સજા, દંડ ન ભરે તો દિવસ–૦૭ (સાત)ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

બોટાદ. (એચ.એચ.પટેલ)

તા.૦૯/૦૩/૨૦૨૪ ત્રીજા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

બોટાદ